સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ચૂંટણી-મશીનો બન્યાં છે અહીં ફારસાગત,
ધર્મ-જાતિથી લોકશાહી છે અહીં કારસાગત
હાદસાગ્રસ્ત થઈ છે આખી એ ચૂંટણી - પ્રક્રિયા -
રાજશાહી, બંધાઈ ખૂંટે છે અહીં વારસાગત

લોકશાહીની -
નેતા-પક્ષો દ્વારા જ
ઉડે મજાક...

શ્રદ્ધા વિનાનો
ક્રિયાકાંડ, એટલે
ચૂંટણી વિધિ...

હાઈકુ

ચિંતન

પુનરપિ રજની પુનરપિ દિવસઃ પુનરપિ પક્ષઃ પુનરપિ માસઃ ।
પુરનપિ અયનં પુનરપિ વર્ષ તદપિ ન મુંચતિ આશામર્પમ ॥

ઉપરોક્ત શ્લોક પંજરિકા સ્તોત્રમાંથી લેવામાં આવેલ છે.

રાત પછી દિવસ, દિવસ પછી રાત...! દિવસો પખવાડિયામાં અને પખવાડિયાઓ મહિનામાં પરિવર્તિત થાય છે... ને એમ વર્ષ ફરી ફરી પૂરું થતું રહે છે. તો પણ જીવની આશાઓનો અંત આવતો નથી. જેમ જેમ વૃદ્ધાવસ્થા નજીક આવતી જાય છે તેમ તેમ જીવવાની આશા વધુ ને વધુ પ્રબળ બનતી જાય છે.

સમયનું કાલચક્ર તો ફરતું જ રહે છે આશા-ઈચ્છા-અપેક્ષાઓ પૂરી થતી નથી. જીવનનું સાચું ધ્યેય મોહ - માયા છોડી જીવનથી અલિપ્ત થઈ જવાનું છે જે દરેક ક્ષણે મૃત્યુની રાહ જુએ છે એ જ સાચો મુમુક્ષુ છે.

સુવિચાર

- પતંગની છાતી વિંધાય, પવનના ઝપાટા ખમે, આકાશને આંબે પછી જ દુનિયા જુએ છે, માણસે આ વાત વિચારવી જ રહી - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- હું સત્કર્મોનાં જંગલો ફેંદીશ પણ મહાપાપોનું એક પણ વૃક્ષ નહીં ઉછેરું - **સંત ફ્રાન્સીસ**
- પરિવર્તન લાવનારને પુસ્તક, પ્રવચન કે ગુરુની જરૂર રહેશે નહીં, ગુરુ દિશા સૂચક પાટિયું છે, વિશેષ કાંઈ નથી - **જે. કૃષ્ણમૂર્તિ**
- શેતાન બીજાને લોભાવે છે, પણ આળશુ શેતાનને લોભાવે છે - **બર્મીઝ કહેવત**
- શ્રદ્ધાને પુરાવાઓ, સાબિતીઓ અને નિયમો સાથે કોઈ સંબંધ નથી, હકીકતો ચકાસનારા ક્યારેય શ્રદ્ધાવાન બની શકતા નથી. રામના હસ્તાક્ષર કે કૃષ્ણનો અવાજ કદીયે મળશે નહીં - **ભૂપત વડોદરિયા**
- વૃક્ષની ડાળે પાકેલાં ફળો જ શોભે છે, તેમ સમાજમાં પરિપક્વ માણસો જ શોભે છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : ફટકડીને દિવેલમાં મેળવીને શરીરની ઉપરના મસા ઉપર લગાવવાથી મસા ખરી પડે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

લાહોરમાં એક પ્રભુ પ્રેમી સંત લચ્છુ ભગત રહેતા હતા, તેઓ પહેલા માળે મોટા ઓરડામાં બેસીને જ્ઞાનની વાતો કરતા હતા ત્યાં નીચે શેરીમાંથી અવાજ સંભળાયો. શેરીમાં સંતરા વેચનારો બુમો પાડીને બોલતો હતો. 'અચ્છે સંગ તરે.... અચ્છે સંગ તરે...' લચ્છુ ભગતે સત્સંગીઓ ને પૂછ્યું, 'ભાઈઓ, આ નીચે કેવો અવાજ આવે છે?' સત્સંગીએ કહ્યું, 'લચ્છુ ભગત કહે' બરાબર છે, પરંતુ તે શું કહે છે જરા ધ્યાનથી સાંભળો...' એટલામાં ફરી અવાજ આવ્યો, 'અચ્છે સંગ તરે' સત્સંગીએ કહ્યું, 'મહારાજ, સારા સંતરા એવું જ કહે છે.' લચ્છુ ભગતે કહ્યું, 'હા એ જ કહે છે. સમજો, અચ્છે સંગ તરે... જે સારા મનુષ્યોની સંગતિ કરે છે, તે તરી જાય છે. અચ્છે સંગ તરે.'

સત્સંગી ને લચ્છુ ભગતની ગૂઢવાણી હવે સમજાઈ.

ગુજરાતમાં ચૂંટણીના બદલાતા રંગ

તંત્રીસ્થાનેથી...

ચૂંટણીઓ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ તમામ રાજકીય પાર્ટીઓ પોતપોતાની સેના સજ્જ કરવામાં સક્રિય બની ગઈ છે. વર્ષોથી એકહથ્થુ સત્તા ભોગવી રહેલી ભગવી પાર્ટી માટે પણ આ વખતે આકરાં ચઢાણ જેવી - 'એન્ટિ ઈન્કન્બન્સી'ની પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. શાસક પક્ષે અગાઉથી જ વર્તમાન મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ચૂંટણી લડવાનો સંકલ્પ જાહેર કર્યો છે એટલે બહુમતી ધરાવતી બે મુખ્ય જ્ઞાતિઓ- ક્ષત્રિયો અને પાટીદારો એમના સમાજનું વધુમાં વધુ પ્રતિનિધિત્વ મેળવવા આકાશ પાતાળ એક કરી રહ્યા છે. અલ્પેશ ઠાકોર જેવા ક્ષત્રિય ઠાકોર સેનાના સેનાપતિને તો ગુજરાતમાં ઠાકોર મુખ્ય્ત્રી જ ખપે છે, તે જ રીતે હાર્દિક પટેલ અને બીજા પાટીદાર અનામતની ચળવળ ચલાવનારા યુવાનો સ્વાભાવિક રીતે જ પાટીદાર અનામતની ચળવળ ચલાવાનારા યુવાનો સ્વાભાવિક રીતે જ પાટીદાર અનામતની મુખ્યમંત્રી બને એવો આગ્રહ રાખતા હોત. વળી હાર્દિક પટેલની 'જનરલ ડાયર કોણ?' વાળી હઠનો પણ શાસક પાર્ટી પાસે કોઈ જવાબ નથી. હાર્દિકને અને એના સાથીઓને કોંગ્રેસના એજન્ટનું બિરુદ આપી દીધા પછી પણ શાસક પાર્ટી અને સરકાર પાટીદાર સમસ્યાના નિરાકરણ માટે બોલાવી ચર્ચા કરતી હોય તો એનો એટલો જ અર્થ નીકળે કે પાર્ટીને પાટીદારોની જબરી બીક પેસી ગઈ છે. અત્યાર સુધી કેશુભાઈ પટેલ જેવા ખમતીધર ખેડૂત અને પાટીદાર આગેવાનના ખભા પર ચઢીને 'પાટીદારોની પાર્ટી' જેવી છાપ ઊપસાવનાર ભાજપ પાસે મતદારોને રીઝવી શકે એ બરના પાટીદાર નેતાઓનો દુકાળ વરતાઈ રહ્યો છે. પાર્ટીએ આનંદીબેનને મુખ્યમંત્રી પદેથી હટાવ્યા પછી પાટીદારો વિશેષ નારાજ થયા છે અને સત્તાના રાજકારણમાંથી વયના કારણે નિવૃત્ત થયેલ બહેનને ફરી સક્રિય કરવાની ફરજ પડી છે. કોંગ્રેસ પાસે નેતૃત્વના નામે જે ત્રણ-ચાર ચહેરા છે એમાં મુખ્યમંત્રી તરીકે શોભે એવા કેટલા તે પ્રશ્ન છે. વળી પાટીદાર ક્યારેય કોંગ્રેસની સ્વાભાવિક વોટબેંક નથી રહી તેમ ક્ષત્રિયો ક્યારેય સાગમટે ભાજપ સાથે નથી રહ્યા. આ બેઉ મુખ્ય સમાજ એકબીજાની વિરુદ્ધ રહેતા આવ્યા છે. ત્યારે બે એના નેતાઓ મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે ઊપસી રહ્યા છે જેમની પાસે ભાજપ કે કોંગ્રેસ જેવું નથી સંગઠન કે નથી કાર્યકર્તાઓની ફોજ. અંગત વ્યક્તિત્વ અને આંજી નાખે એવી પ્રતિભાના જોરે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા લાકડાની તલવાર લઈ કેસરિયાં કરવા નીકળ્યા છે. બેઉ મુખ્ય રાજકીય પક્ષોમાં એમના શુભેચ્છકો છે અને પ્રજા પણ એમને પરિણામલક્ષી લોકનેતા તરીકે ઓળખે છે. પરંતુ અગાઉ એમનો ત્રીજા વિકલ્પનો પ્રયોગ સરિયામ નિષ્ફળતાને વર્યો હતો, તે જગજાહેર છે. મૂળે ચરોતરના લેઉઆ પાટીદાર અને વ્યવસાયે બીડીના વેપારી પ્રફુલ્લ પટેલ મહારાષ્ટ્રના સમર્થ નેતા તેઓ સંસદમાં પણ નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીનું પ્રતિનિધિત્વ કરતા રહ્યા છે. હવે જયારે ગુજરાતમાં ચીમનભાઈ પટેલ કે કેશુભાઈ પટેલની કક્ષાના સમર્થ પાટીદાર પાટીદાર નેતાઓ અભાવ વરતાઈ રહ્યો છે ત્યારે તેઓએ માતૃભૂમિમાં નસીબ અજમાવવાનું વિચાર્યું લાગે છે. તેઓ કેન્દ્રીય મંત્રી તરીકે સફળ કામગીરી બજાવી ચૂક્યા છે તે સાચું, પણ ગુજરાતમાં નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીનું સંગઠન નહીંવત જ છે. આ બેઉ નેતાઓ ભાજપ કે કોંગ્રેસના કોઈ પણ વર્તમાન નેતાની સરખામણીએ વધુ અનુભવી છે. સંગઠનના અભાવે તેઓને એક યા બીજા પક્ષની 'બી' ટીમ ગણાવાઈ રહ્યા છે જો કે જયારે બે મુખ્ય પાર્ટીઓ તરફ પ્રજાનું ભ્રમ નિરસન થઈ ગયું હોય ત્યારે આવા પ્રતિભાશાળી નેતાઓના નામ પર કેટલાક વ્યૂહાત્મક રીતે ગોઠવાયેલા ઉમેદવારો જીતી જાય તો નવાઈ ન લાગણી જોઈએ. એવા સંજોગોમાં આવા નેતાઓના દસ વીસ ધારાસભ્યોનું જૂથ સત્તા સ્થાને પહોંચવા માટેની સીડીની ફરજ ગરજ સારી શકે. બલકે તેઓ પોતાના મુખ્ય નેતાઓના નેતૃત્વમાં સરકાર રચવાની શરતે એક યા બીજી પાર્ટીને ટેકો આપવાની હઠ પણ પકડી શકે. ગુજરાત માટે આગામી વિધાનસભા 'ત્રિશંકુ' જેવી લટકતી સ્થિતિમાં આવી પડે એવી શક્યતા નકારી શકાતી નથી, શાસક પાર્ટી માત્ર મોદીના નામ પણ ચૂંટણી જીતવાની ભ્રમણમાં રહેશે તો એ હિમાલય જેવડી ભૂલ ગણાશે.

ચાલુ ગરબો છોડીને, અંધારામાં મને કયાં લઈ જાય છે?

'તું મને કયાં લઈ જાય છે ?'મારો હાથ છોડી દે,પ્લીઝ.'

'અરે, છોડ મને, આ તું શું કરે છે ?'

'મારે તને... મારે તને.... 'કીસ' કરવી છે.' રવિ એ તૂટક તૂટક શબ્દોમાં સોનાલીને કીધુ.

'મને આ પસંદ નથી .'

'પરંતુ મને પસંદ છે.'

'આપણો સંબંધ માત્ર મિત્રતાનો છે.' 'પ્લીઝ ,મને જવા દે. '

સોનાલી-રવિ પાક્કા દોસ્ત. શાળા-કોલેજ સુધી સાથે ને સાથે જ. નવરાત્રીની એક રાત્રે ગરબામાં રવિ ભાન ભૂલ્યો હતો. ચાલુ ગરબાએ સોનાલીનો હાથ પકડીને-ખેંચીને, ભીડથી દૂર, અંધારા ખૂણામાં લઈ ગયો હતો. સોનાલી આજીજી કરતી હતી ને, રવિ તેને ખેંચી રહયો હતો. જયારે રવિની જબરજસ્તી વધવા લાગી ત્યારે સોનાલીના ગુસ્સાનો પાર ન રહયો.

'સ...ટા...ક....' કરતી એક થપ્પડ સોનાલીએ રવિના ગાલ પર ચોંટાડી દીધી. રવિ તો આભો જ બની ગયો. પોતે જે કરી રહયો 'તો તે ખોટું છે તેનું તેને ભાન થયું. તેને પોતાની ભૂલ સમજાઈ. સોનાલી તેની બાળપણની મિત્ર હતી તેને હર્ટ કરવી ઉચિત નથી. તેને દિલથી પસ્તાવો થવા લાગ્યો. મારાથી આ શું થઈ ગયું. પોતાની ભૂલનું ભાન થતાં તે સોનલીની માફી માગવા લાગ્યો. સોનાલી રડતી હતી. તેનેય દુઃખ હતું, રવિ પર હાથ ઉપાડવાનું. પરિસ્થિતિ અનુસાર બરાબર હતુ. પરંતુ મન માનતુ નહોતું. રવિ સારા ઘરનો સંસ્કારી અને પ્રેમાળ મિત્ર હતો. મુશ્કેલીના સમયે બીજા કોઈ આવે કે ન આવે રવિ હાજર જ હોય. ગ્રુપમાં બધાને મદદ કરે. આજે તે ભાન ભૂલ્યો'તો.

ગરબામાં રવિ-સોનાલી ન દેખાયા એટલે અન્ય મિત્રો પણ આ તરફ આવી ગયા. બધા ભેગા થઈ ગયા.

'શું થયું, સોનાલી ?'

'અરે, રવિ બોલને શું થયું ?' મિત્રોએ પ્રશ્નોની ઝડી વરસાવી.

'તમે લોકો કેમ ગરબો છોડીને અહીં આવી ગયાં ? મિત્રોના પ્રશ્નો વચ્ચે રવિની આંખમાંથી પણ આંસુ વહેવા લાગ્યાં.'

'અરે... યાર કાંઈ સમજાય તેવું તો.....? '

'સાલું..... શું થયું છે. ખબર પડતી નથી ને બન્ને રડે છે ?...'

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

મિત્રોની મૂંઝવણ વધવા માંડી. ગ્રુપમાં દીપાલી સમજદાર હતી. તેણે બાજી સંભાળી લીધી અને કહયું, જો, સોનાલી, રડ નહિ, આ શકિત ઉપાસનાના દિવસો છે તે સાચે જ શકિત મેળવી છે અને શકિતનો યથાસ્થાને ઉપયોગ પણ કર્યો છે. અમને સૌને તારી પર ગર્વ છે. તેં જે કર્યુ, યોગ્ય જ કર્યું છે. અને હા, રવિ તને તારા કર્મની સજા મળી ગઈ છે. સોનાલી, એને માફ કરી દે. તે રડી રહયો છે. તેણે તારી સાથે કરેલ હરકતનો પશ્ચાતાપ તેના આંસુંઓમાં દેખાઈ રહયો છે. રવિએ સૌની સાક્ષીએ પુનઃ સોનાલીની માફી માગી ;ત્યારે મિત્રોને બધી વાત સમજાઈ. ઢોલનો અવાજ આવી રહયો હતો.

મહિષાસૂર મરાયો નથી. મહિષાસૂર હજી પણ માણસના હૃદયમાં જીવતો છે. આસૂરી વૃત્તિનો નાશ કરવા માટે જ આદ્યશકિતના દિવસો છે. દૈવી શકિતનો વિજય એ જ દશેરાનું ખરું મહાત્મ્ય છે. માણસને મારવાનો નથી પરંતુ તેની આસુરીવૃત્તિને મારવાની છે. રવિમાં રહેલી ખરાબવૃત્તિનો નાશ થયો હતો. દૈવીશકિતનો વિજય થયો હતો.

અનુસંધાન પાના નં. ૭ પર

જબ તક કુછ નહીં બદલો ના ! તબ તક કુછ નહીં બદલેગા...

ચલ તુ અપના કામ કર
વેં ચલ તુ અપના કામ કર
અકલ દિખા ના શકલ દિખા ના
દે ના નસીહત કર ના ફજીહત
યું ના ટ્રાફિક જામ કર
ચલતું અપના કામ કર
આસ પડોસ મેં કયા બનતા હૈ
કયા હૈ મસાલા કયા હૈ તેલ
તુને ઈસ સે લેના કયા...
ચલ તુ અપના કામ કર
રાજનીતિ કી શોપ હે યારો
સભી ઈમોશન હોતે સેલ
બોર્ડર પે અપની સેના હૈ
તુ ટ્વીટર પે છોડ મિસાઈલ
સુબહ બૈઠ ઔર શામ બૈઠ
દિલ બોલા અપના કામ કર
કૌન કર રહા કયાં ઔર કૌન
દિલ બોલા અપના કામ કર
કૌન કર રહા કયાં ઔર કૌન
કયાં કયાં યહાં નહીં સુખ રહા અરે...
ફિકર સે પેટ નહીં ભરતા
બૈઠ ચૈન ઘર પે ઔર
આરામ સે અપની કિસ્મત કોસ
આસપાસ વાલે પે યા ફીર મટ દે અપને
સર પર સારે દોષ
સબ કો બદનામ કર
યે સબસે મુશ્કિલ કામ યહી હૈ
યહી હૈ બસ રોના
અપને કામ કા ફક્ર ભી હો ના
કામ કા શૌક ભી હો ના રે...
ચલ તુ અપના કામ કર.

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ઈર્શાદ કામિલના શબ્દો અને મૂંગેરીલાલ ઉર્ફે રઘુવીર યાદવના અવાજમાં ગવાયેલું આ ગીત ગયા શુક્રવારે રીલીઝ થયેલી 'ન્યૂન' ફિલ્મનું છે. ગીતના શબ્દો પ્રમાણે ફિલ્મનો મુખ્ય વિષય બસ આપણી ડ્યૂટી બરાબર નિભાવવાની વાત કરવામાં આવી છે... રાજકુમાર રાવ અભિનિત આ ફિલ્મ ઓસ્કારમાં આપણા તરફથી એન્ટર થઈ છે...

ઓલ રેડી બર્લિન ફિલ્મ ફેસ્ટિવલ, હોંગકોંગ ફિલ્મ ફેસ્ટિવલ અને ટ્રીબેકા ફિલ્મ ફેસ્ટીવલમાં આ ફિલ્મ વાહવાહી મેળવી ચૂકી છે...

'સુલેમાની કીડા' નામક ૨૦૧૩માં આવેલી ફિલ્મના દિગ્દર્શક અમિત માસુરકરની આ ફિલ્મમાં રાજકુમાર રાવ સાથે પંકજ ત્રિપાઠી, રઘુવીર યાદવ અને અંજલી પાટીલ જેવા ધરખમ તખ્તાના કલાકારો જમાવટ કરે છે...

'ન્યૂટન' એ રાજકુમાર રાવનું 'નૂતન કુમાર'માંથી બદલેલું નામ છે... સાયન્સ ગ્રેજ્યુએટ ન્યૂટન તેની ચો તરફ બદલાવ જોવા માગે છે... સરકારી નોકરીમાં તાજેતરમાં લાગેલા ન્યૂટન કુમારની છત્તીસગઢમાં આવેલા એક નકસલ પ્રભાવિત વિસ્તારમાં ઈલેકશન ડ્યૂટી પર જવાની જવાબદારી આવે છે... ઈલેકશન ડ્યૂટી પર જવાની જવાબદારી આવે છે... ઈલેકશન પહેલા થતી B.L.O. અને પ્રોસાઈડીંગ ઑફિસરની ટ્રેનિંગ લેનાર સંજય મિશ્રા માત્ર દસ મિનિટ માટે આવે છે પણ ફિલ્મનો આત્મવા વર્ણવીને ચાલ્યા જાય છે, તેમ કહીએ તો ચાલે...

સંજય મિશ્રા ટ્રેનિંગ દરમિયાન કહે છે કે નકસલી હુમલો થાય તો હિરો ને બનતા, કારણ કે આપણે તે ઈલેકશનને રદ કરીને રી-ઈલેકશન કરાવીશું... ત્યારે રાજકુમાર રાવ કહે છે કે જો રી-એલેકશનમાં પણ હુમલો થાય તો ! આ વાત પર સંજય મિશ્રા તેને કોઈ સંતોષકાર જવાબ નથી આપી શકતો... પરંતુ તે, રાજકુમાર રાવને સવાલ પૂછે છે કે - 'ખબર છે તારી સમસ્યા શું છે?'

રાજકુમાર રાવ કહે છે કે - 'મારી ઈમાનદારી' જવાબમાં સંજય મિશ્રા કહે છે કે - ના. ઈમાનદારી સમસ્યા નથી, સમસ્યા છે ઈમાનદારીનો ઘમંડ... તુમ અપની હી ડ્યુટી કરને પર ચાહતે હો કી તુમ્હે થેંક્સ બોલા જાય...

આપણે જયારે આપણને નોકરી કે કામના સ્થળ પર અપાતું કામ કરતા હોઈએ ત્યારે મોટે ભાગે તો 'આઘા રહેવું અને બાઘા રહેવું' જેવું સિદ્ધાંત પર કામ કરીને જવાબદારીઓથી છટકવાનું જ કામ કરીએ છીએ પરંતુ જો ભૂલે ચૂકેય સોંપાયેલ કામ નિર્ધારિત સમયમાં પુરું કરી દઈએ તો અંદરને અંદર ઈચ્છતા હોઈએ છીએ કે આપણી વાહવાહી થાય...

વાસ્તવમાં માત્ર પોતાની ફરજ પૂરી ઈમાનદારીથી અને નિષ્ઠાથી નિભાવવાની હોય છે... તે આપણી ફરજ છે... ડ્યૂટી છે... આપણને જે કામ કરવા માટે મહેનતાણું મળે છે, તે જ પ્રામાણિકતાથી કરવાનું છે...

આપણા સરકારી નગરમાં ચૂંટણી ફરજ પર તો આપણામાંના દરેકનો ક્યારેક ને ક્યારેક નંબર લાગી જ ગયો હશે... અને જે એ ફરજ પરસ્ત કઈ આવ્યા હોય તેવા દરેકને તો જોવાની મજા-મજા પડી જવાની...

દુનિયાની સૌથી મોટી લોકશાહી શક્તિ ધરાવતા આપણે ત્યાં ચૂંટણી પંચનું કામ ખરેખર કાબિલેદાદ છે. નકસલી વિસ્તારમાં માત્ર ૭૬ મતદારો માટે, બુથ બનાવવાનું હોય કે સંવેદનશીલ વિસ્તારોમાં ચૂંટણી કરાવવાની હોય, ચૂંટણી પંચને ગિનિશબૂકમાં સ્થાન મળવું જોઈએ...

નકસલી વિસ્તારમાં રાજકુમાર રાવ, રઘુવીર યાદવ અને અંજલી પાટીલની ટીમને રક્ષણ પુરુ પાડતા આર્મી ઑફિસર પંકજ ત્રિપાઠીનું ટાઈમીંગ સુપર્બ છે. સંવાદ અને હાવભાવ અદ્‌ભૂત છે... જયારે રાજકુમાર રાવ ચૂંટણી મતદાન મથક અને મતદારોની શાણી-શાણી વાતો કરતા હોય છે, ત્યારે તે કહે છે કે - મેઘાલયની રાજધાની કઈ છે ? ત્રિપુરાની રાજધાની કઈ છે? - રાજકુમાર રાવ બધાના જવાબ આપે છે અને ત્યારે તરત જ પંકજ ત્રિપાઠી જણાવે છે કે, તમે ત્યાં ગયાં છો? ન્યૂટન કુમાર ના કહે છે... તે સમયે પંકજ ત્રિપાઠી કહે છે કે અમે ત્યાં ડ્યૂટી કરીએ છીએ...

આપણી આર્મી ટાંચા સાધનોમાં પણ જીવ દઈએ કામ કરે છે... અને આપણે માત્ર એકનિષ્ઠાથી જે કામ કરવાનું છે, તેમાં પણ અખાડા કરીએ છીએ... દેશભક્તિ બતાવવા માટે કોઈ જાતના બીજા ધખારા કરવાની જરૂર જ નથી... બસ સોંપાયેલા કામ અને નાગરીક તરીકે ફરજ નિષ્ઠાથી નિભાવીએ...

રાજકુમાર રાવ 'ટ્રેન્ડ' 'બરેલી કી બરફી' અને હવે 'ન્યૂટન' જેવી ધરખમ ફિલ્મો પોતાના ખાતામાં જમા કરી શક્યા છે...

આંખો પટપટાવીને એક્સાઈટમેન્ટની મોમેન્ટ બતાવતી બોલકી આંખો અને હાવભાવ સાથે ઓછા સંવાદોમાં વધુ અભિનય ક્ષમતા દેખાડી શકે છે... ફલોલેસ, એક્ટીંગ કરી જાણે છે...

રઘુવીર યાદવની હાજરી જ હાસ્ય માટે પૂરતી છે... ખૂબ જ ગંભીર વિષયમાં બ્લેક હ્યુમર પીરસીને સતત એક એક સામાન્ય લાઈનમાં હસાવતી આ ફિલ્મ અચૂક જોવા જેવી છે... ઓસ્કાર જીતે કે ન જીતે દીલ જીતી લીધા છે... ન્યૂટને!!

- jayuoza@gmail.com,
Mo. 9898046488

સામેની વ્યક્તિ હળવાશ અનુભવે એવી વ્યક્તિ બનીએ

'તમે થોડીવાર મારી સાથે બેસોને !!'

દ્વૈતાનો હાથ પકડીને એક આધેડ વયની સ્ત્રી, જેને માત્ર એ એકાદ અઠવાડિયાતી જોયે ઓળખતી હતી એણે કહ્યું અને દ્વૈતાને થોડી ગભરાહટ થવા સાથે અચંબો પણ થયો.

બાળપણથી સાહિત્ય - સંસ્કૃતિ - કલા અને સંગીતના આચાર-વિચાર અને સંસ્કાર મેળવનાર દ્વૈતા શાળા અને કૉલેજકાળથી અનેક જાતની સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને કારણે સાથી વિદ્યાર્થીઓમાં અને આસપાસના પડોસીઓમાં લોકપ્રિય બની ચુકી હતી. સ્વાભાવિકપણે દ્વૈતાએ એમની સાથે બાંકડા પર સ્થાન લેતા પહેલા આ ચહેરાને યાદ કર્યો પરંતુ પોતાના બાળપણ કે શાળા-કૉલેજના સમયમાં ક્યારેય એ ચહેરો જોયાનું સ્મરણ એને થયું એટલે એ વધુ વિચારે ચડી. થોડીવાર સુધી બંને કશું જ બોલ્યા નહિ.

દ્વૈતાનો અભ્યાસ પૂર્ણ થતા થતા સુધીમાં તો એક સાંવરીયો એની આંખમાં વસી ગયો અને એની સાથે લગ્ન થયા. બંને પરિવારોએ ઉલ્લાસ અને પરંપરાગત વિધિ સાથે લગ્ન પ્રસંગને ઉકેલ્યો. દ્વૈતા એના પતિ સાથે ધીમે ધીમે વ્યાવસાયિક પ્રવૃત્તિમાં ધ્યાન આપતી થઈ અને ઘર-ગૃહસ્થી પણ સંભાળતી થઈ. સમય જતાં 'મેરે ઘર આયી એક નન્હીં પરી'ની જેમ દીકરીનો જન્મ થયો - અને સહુએ એને વધાવી લીધી. દીકરીના ઉછેરમાં વ્યસ્ત રહેતી દ્વૈતાએ પોતાનો પૂર્ણ સમય આવ્યો એના સંસ્કાર-ઘડતરમાં ઘરગૃહસ્થીની જવાબદારીઓ, પોતાના શોખ અને પતિના વ્યવસાયિક કામોના સમયને સંભાળતા સંભાળતા એ ઘરમાં ગાડી હોવા છતાં સ્કુટર પર પવનવેગી બનીને બધા કામો પૂરા કરતી હતી. દીકરી પ્રાથમિક શાળા સુધી પહોંચી એટલે એને નૃત્યને સ્વીમીંગના કલાસ પણ શરુ કરાવ્યા હતા. આજે એ જ ક્રમમાં એ દીકરીને લઈને નૃત્યના કલાસમાં આવી હતી. કલાસ ચાલ્યો ત્યાં સુધીમાં આસપાસના એક-બે કામો પતાવ્યા, મોબાઈલમાં રહેલા સંદેશા ચેક કર્યા અને સમય પુરો થયો. ત્યાં પેલા બહેન એની પાસે આવ્યા અને હાથ પકડીને લેખના આરંભે લખેલું વાક્ય કહ્યું.

થોડીવાર એ બહેન મુંગા રહ્યાને પછી રડવા માંડ્યા... દ્વૈતાની મુંઝવણ વધી હૈયાધારણ આપી... પાણી પાયુ... થોડી વારે Sorry કહીને એ બહેને સહજભાવે પોતાની પીડાની વાત કરી. દરેકને હોય એમ એમના પારિવારિક જીવનના, આર્થિક કે સામાજિક પ્રશ્નો એ સમયે ન હતા પરંતુ એમના એક સ્વજનની બિમારી જે જીવલેણ હતી એની પીડા-દુઃખ અને વેદનાનું પ્રતિબિંબ એમના ચહેરા પર વાતોમાં વ્યક્ત થતું હતું. તમામ પ્રકારની સારવાર અને બાધા-આખડી એમના માટે એ કરી ચૂક્યા હતા અને એ કારગર ન નીવડતા હવે બિમારી છેલ્લા સ્ટેજ પર આવી ગઈ હતી. આવા સમયે સંવેદના કદાચ એની વાત પહોંચાડવા મજબુર બની હશે અને એમણે અનાયાસ - અજાણ વ્યક્તિ પાસે પણ પોતાની વાત કરી દીધી હશે.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'તમને હું થોડા દિવસોથી જોઉં છું ને આજે એકાએક મને થયું કે મારી વાત તમને કહીને હું હળવી થઈ જાઉં' એ બહેને દ્વૈતાને કહ્યું...

દ્વૈતાએ પણ એમને ઓછા પરંતુ અર્થપૂર્ણ શબ્દોમાં સાંત્વના આપી - પ્રેમ આપ્યો અને કહ્યું કે હું તમારા સ્વજન માટે પ્રાર્થના કરીશ. બંને છુટા પડ્યા. ફરી અઠવાડિયા પછી એ બહેન મળ્યા તો ભેટી પડ્યા - તમારા પ્રેમે મને બળ આલું પરિણામે મારા સ્વજનના અવસાન બાદ ત્રણ દિવસે હવે હું સ્વસ્થ રીતે વાત કરી શકું છું'

એ ઘટનાએ બે-ચાર મહિના થયા. ફરી એ બહેન દ્વૈતાને મળ્યા નથી. એનું નામ કે ઘરનો નકશો એને ખબર નથી પરંતુ પોતાની પોઝીટીવ વિચારધારાના પરિણામે કોઈકના જીવનમાં હકારાત્મક બદલાવ લાવવામાં એ પોતાનું સાહજિક યોગદાન આપી શકી એનો આનંદ અને જરૂર છે.

સાવ અજાણ્યા માણસનું આમ એકાએક કોઈને મળવું ને પોતાની વાત કહી દેવીને રડીને હળવા થઈ જાવું એ ઘટના માન્યામાં આવે તેવી પણ વાસ્તવમાં બનેલી છે.

એકાએક કોઈના માટે તમે વિશ્વાસપાત્ર બની જાવ ને સામેના પાત્રને અનાયાસ ઉર્જાવંત બનાવી શકો, એના દુઃખનો સમયે સધિયારો આપી શકો તો એ જીવન માટેનો અમૂલ્ય સમય બની જાય છે. જયારે જયારે, જયાં જયાં આવું થાય ત્યારે પ્રાર્થનાના અજવાળા રેલાય છે.

સામેની વ્યક્તિ વ્યક્તિ માથું મુકી ભળવાશ અનુભવે એળો ખોળો કે ખભો બની શકીએ એ આનંદની જાણ હોય છે.